# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-01-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M. ભારત મોબીલીટી એક્સ્પો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી **આજે** નવી દિલ્હીમાં ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025નું ઉદ્ઘાટન કરશે. છ દિવસના આ એક્સ્પોમાં નવ શો, 20 થી વધુ કોન્ફરન્સ અને પેવેલિયનનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, એક્સ્પોમાં ઉદ્યોગ અને પ્રાદેશિક સ્તર વચ્ચે સહયોગને સક્ષમ બનાવવા માટે રાજ્યોનં સત્રો પણ યોજાશે.

આ વર્ષના એક્સ્પોમાં વિશ્વભરના પ્રદર્શકો અને મુલાકાતીઓની ભાગીદારી સાથે વૈશ્વિક મહત્વ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

**-------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ-રાષ્ટ્રીય રમત પુરસ્કાર-2024

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2024 એનાયત કરશે.

વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, પેરિસ ઓલિમ્પિક્સમાં પ્રથમ વખત બે ચંદ્રક વિજેતા મનુ ભાકર, ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરિસ પેરાલિમ્પિક્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ પુરસ્કાર છેલ્લા ચાર વર્ષના સમયગાળા દરમિયાન રમતગમત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આપવામાં આવે છે.

32 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવશે. તેમાં એથ્લેટ્સ જ્યોતિ યારાજી અને અન્નુ રાની, બોક્સર નીતુ અને સવીતી, ચેસ ખેલાડી વાંતિકા અગ્રવાલ, હોકી ખેલાડીઓ સલીમા ટેટે, અભિષેક, સંજય, જર્મનપ્રીત સિંહ અને સુખજીત સિંહ ,પેરાતીરંદાજ  રાકેશ કુમાર, પેરા એથ્લેટ્સ પ્રીતિ પાલ સહિતનાને ખિલાડીને પણ અર્જુન પુરસ્કાર આપવામાં આવશે.

પીઢ ખેલાડી સુચા સિંહ અને અનુભવી પેરા સ્વિમર મુરલીકાંત પેટકરને લાઇફ ટાઇમ અર્જુન પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવશે.

તો પેરા-શૂટિંગ કોચ સુભાષ રાણા, શૂટિંગ કોચ દીપાલી દેશપાંડે, હોકી કોચ સંદીપ સાંગવાન, બેડમિન્ટન કોચ એસ મુરલીધરન અને ફૂટબોલ કોચ અરમાન્ડો એગ્નેલો કોલાકોને દ્રોણાચાર્ય પુરસ્કાર આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## આઠમા પગાર પંચની રચનાને મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં અને નિવૃત્ત કર્મચારીઓનાં પેન્શનમાં વધારાનાં મુદ્દે નિર્ણય લેશે. આ નિર્ણયથી કેન્દ્ર સરકારનાં 50 લાખ કર્મચારીઓને લાભ થશે, જેમાં સંરક્ષણ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 65 લાખથી વધુ પેન્શનધારકોને પણ તેનો લાભ થશે. કર્મચારી સંઘો અને સંગઠનો દ્વારા 8મા પગાર પંચની રચનાની સતત માગણી થઈ રહી હતી. છેલ્લે 1 જાન્યુઆરી, 2016નાં રોજ પગાર વધારો થયો હોવાથી આગામી પગાર વધારો 1 જાન્યુઆરી, 2026થી થવાની સંભાવના છે."

---------------------------------------------------------------------------------------

## અમિત શાહ -વડનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડનગર હિન્દુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણ ધર્મોનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. ગઇકાલે વડનગરમાં 400 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા શ્રી શાહે કહ્યું, વડનગરને ભારત અને વિશ્વના નકશા પર

સ્થાન આપી રહ્યા છીએ." તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન શહેરને ઇતિહાસ અને પરંપરાઓની ભૂમિ ગણાવી હતી.

શ્રી શાહે 298 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્મિત પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું. આ સંગ્રહાલય વડનગરના 2500 વર્ષથી વધુના સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરે છે. આ અગાઉ ગૃહમંત્રીએ મ્યુઝિકલ મ્યુઝિયમની પ્રગતિની સમીક્ષા કરી અને પ્રધાનમંત્રી મોદીની જીવનયાત્રાને દર્શાવતી એક ફિલ્મનું અનાવરણ કર્યું. તેમણે 72 કરોડ રૂપિયાનાં ખર્ચે નવીનીકરણ કરાયેલ પ્રોજેક્ટ 'પ્રેરણા સંકુલ'નું પણ ઉદ્ઘાટન કર્યું. આ શાળામાં પ્રધાનમંત્રીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. 33.5 કરોડ રૂપિયાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનાં ઉદ્ઘાટન દરમિયાન શ્રી શાહે જણાવ્યું, "હવે, વડનગરના રમતવીરો પણ 2026 માં ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે."

---------------------------------------------------------------------------------------------

## એક શામ બેટીઓ કે નામ

બેટી બચાવો બેટી પઢાવો યોજનાને 10 વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં  22 જાન્યુઆરી 2025 ના રોજ વિવિધ કાર્યક્રમો યોજાશે જે અંતર્ગત કચ્છ જિલ્લા ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા દીકરીઓના ગૌરવ અને મનોબળ વધારવાના હેતુથી ‘EK SHAM BETIO KE NAM’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ‘પ્રાઇડ વોક વિથ ડોકટર’ અને ‘ડાન્સ વિથ ડોટર’ તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો હેતુ દીકરીઓના ગૌરવને ધવારવાનો છે. ભાગ લેનાર દરેક દીકરીને સન્માનિત કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## સ્વામિત્વ યોજના

કેન્દ્ર સરકારના પંચાયતીરાજ મંત્રાલય વિભાગ દ્વારા ગ્રામ વિસ્તારમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવામાના હેતુથી ડ્રોન ટેકનોલોજી દ્વારા સામિત્વ યોજનામાં 33 જિલ્લાના કુલ

13,803 ગામોમાં ડ્રોન ફ્લાઇટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જે પૈકી 7,182 ગામોની 12 લાખ 22 હજાર 165 મિલકતોનું પ્રમોલગેશન પૂર્ણ કરવામાં આવેલ છે. સામિત્વ યોજના અંતર્ગત તૈયાર થયેલ મિલકતોના પ્રોપર્ટીકાર્ડનું આગામી 18 મી જાન્યુઆરીએ ઇ-વિતરણ કરવામાં આવનાર છે. જે અંતર્ગત કુલ 12 ગામોમાં ગ્રામ્ય કક્ષાએથી વિતરણ કરશે. જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ઓડિટોરિયમ ભુજ ખાતે યોજાશે.

---------------------------------------------------------------------------------------